# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૫૫ તા. ૭-૨-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય : ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓની સુલેખન સ્પર્ધા યોજવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, વિદ્યાર્થીઓમાં સુંદર, સુવાચ્ય અને મરોડદાર અક્ષરનો વિકાસ થાય તે હેતુથી સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સમગ્ર આયોજનની રૂપરેખા નીચે મુજબ છે. તેની તમામ શિક્ષકોને નોંધ લેવડાવી અમલ કરાવશો.

૧. સુલેખન સ્પર્ધા ધો.૧ થી ૩ માટે, ધો.૪ અને ૫ માટે તેમજ ધો. ૬ થી ૮ માટે એમ ત્રણ કેટેગરીમાં લેવાશે.

૨. ધો.૧,૨ માટે ૧૦ શબ્દો, ધો.૩ માટે ૧૦ વાક્યો, ધો.૪,૫ માટે 'સરદાર પટેલ' વિશેનો એક ફકરો તેમજ ધો.૬ થી ૮ માટે એક ફકરો 'મહાત્મા ગાંધી' વિશે અને બીજો ફકરો 'પંડીત દીનદયાળ ઉપાધ્યાય' વિશે લખવાનો રહેશે.

૩. ધો.૧ થી ૮ની સુલેખન સ્પર્ધા માટેના શબ્દો, વાક્યો, સરદાર પટેલ, મહાત્મા ગાંધી અને પંડીત દીનદયાળ ઉપાધ્યાય વિશેના ફકરા અત્રેથી આપવામાં આવશે, જે આ સાથે સામેલ છે.

૪. આ સ્પર્ધામાં ધો.૧ થી ૫ના વિદ્યાર્થીઓએ પેન્સિલનો અને ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓએ બોલપેનનો ઉપયોગ કરવાનો રહેશે.

૫. શાળાકક્ષાની સ્પર્ધા તા.૧૧-૨-૧૫ના રોજ રાખવી. સ્પર્ધાનો સમય સવારપાળીની શાળાઓએ સવારના ૯.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન અને બપોરપાળી/એક પાળીની શાળાઓએ બપોરના ૧.૩૦ થી ૨.૩૦ કલાક દરમિયાનનો રાખવો.

૬. ઈતર માધ્યમની શાળાઓએ અત્રેથી આપવામાં આવેલ શબ્દો, વાક્યો અને ફકરા જોઈ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં સુલેખન સ્પર્ધા યોજવાની રહેશે.

૭. શાળાકક્ષાની સ્પર્ધામાં ધો.૧ થી ૩માં પ્રથમ, ધો.૪ અને ૫માં પ્રથમ અને ધો.૬ થી ૮માં પ્રથમ ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓની સ્પર્ધા બીટ કક્ષાએ થશે.

૮. બીટ કક્ષામાં ત્રણ કેટેગરીના પ્રથમ ક્રમે વિજેતા બાળકોની સ્પર્ધા શહેર કક્ષાએ થશે.

૯. બીટ કક્ષામાં ત્રણ કેટેગરીના પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને તેમજ શહેર કક્ષામાં પ્રથમ પાંચ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

૧૦. શાળાકક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થનાર બાળકને તા.૨૦-૨-૧૫ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે બીટ કક્ષાની સ્પર્ધા માટે નીચે દર્શાવેલ સ્થળે અચૂક ભાગ લેવડાવવા જવાબદાર શિક્ષક સાથે મોકલવાના રહેશે.

**બીટકક્ષાની સુલેખન સ્પર્ધાનું આયોજન**

| ઝોન | બીટ સુપરવાઈઝરશ્રીનું નામ | સ્પર્ધાનું સ્થળ |
|---|---|---|
| પૂર્વ | શ્રી નૂતનબેન રાજપૂત | રાજપુર-૧૧/૧૨ |
| | શ્રી નૂતનબેન રાજપૂત | અમરાઈવાડી-૭ |
| | શ્રી કિશનસિંહ રાઠોડ | અંબિકાનગર-૧ |
| દક્ષિણ | શ્રી દિનેશભાઈ કુશવાહ | મણિનગર-૬ |
| | શ્રી સ્નેહલબેન મોદી | કાંકરિયા-૬ |
| | શ્રી પ્રજ્ઞાબેન પંડયા | બહેરામપુરા-૧૧ |
| પશ્ચિમ | શ્રી દિપીકાબેન બ્રહ્મભટ્ટ | ઉસ્માનપુરા-૨ |
| | શ્રી દિપીકાબેન બ્રહ્મભટ્ટ | એલિસબ્રીજ-૨ |
| | શ્રી રાધાબેન યાદવ | મહાત્મા ગાંધી-૨ |

| ઝોન | બીટ સુપરવાઈઝરશ્રીનું નામ | સ્પર્ધાનું સ્થળ |
|---|---|---|
| ઉત્તર | શ્રી હસમુખભાઈ પટેલ | નરોડા-૧ |
| | શ્રી જયદેશ દૂબે | અસારવા-૨૩ |
| | શ્રી દિલીપભાઈ શાહુ | મેઘાણીનગર-૩ |
| ઉર્દૂ | શ્રી સકીનાબેન છુવારા | જમાલપુર ઉ.શા.૪ |
| | શ્રી નિઝામુદ્દીન શેખ | રાજપુર ઉ.શા.૧ |
| હિન્દી | શ્રી બી.ડી.મિશ્રા | બાપુનગર હિ.શા.૧ |
| | શ્રી ગીતાબેન કે.મહેતા | નવાવાડજ હિ.શા.૧ |

- શહેરકક્ષાની સ્પર્ધાની તારીખ, સ્થળ અને સમય પછીથી જણાવવામાં આવશે.

તા.૬-૦૨-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ<br>
શાસનાધિકારી<br>
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ<br>
અમદાવાદ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

ધોરણવાર સુલેખન સ્પર્ધાના શબ્દો, વાક્યો અને ફકરા

**ધોરણ-૧**

| | |
|---|---|
| (૧) માતા | (૬) કેસરી |
| (૨) ભારત | (૭) સૂરજ |
| (૩) નિશાળ | (૮) રંગોળી |
| (૪) બહેન | (૯) ચાંદામામા |
| (૫) શેરડી | (૧૦) ગુજરાત |

**ધોરણ-૨**

| | |
|---|---|
| (૧) પૂર્વ | (૬) હિન્દી |
| (૨) નર્મદા | (૭) દોસ્ત |
| (૩) લીંબોળી | (૮) પુસ્તક |
| (૪) મીઠાઈ | (૯) પ્રવાસ |
| (૫) ફળિયું | (૧૦) જાન્યુઆરી |

**ધોરણ-૩**

૧ . મારો ભારત દેશ ગૌરવશાળી છે.

૨ . હું નિયમિત શાળાએ આવું છું.

૩ . મારી શાળા સ્વચ્છ અને સુંદર છે.

૪ . દુનિયામાં સૌથી મોટું તીર્થ મા-બાપ છે.

૫ . આપણે બસ-ગાડીમાં બેસતાં ધક્કા-મુક્કી ન કરવી જોઈએ.

૬ . અંધ અને અપંગ વ્યક્તિને રસ્તો ઓળંગવામાં મદદ કરવી જોઈએ.

૭ . આપણે વડીલો તથા ગુરૂજનોની આજ્ઞાનું પાલન કરવું જોઈએ.

૮ . સમગ્ર ભારતમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી.

૯ . આપણે સૌ સાથે મળીને તહેવારો, ઉત્સવો અને પ્રસંગોની ઉજવણી કરીએ છીએ.

૧૦ . પ્રાણી સંગ્રહાલયમાં વિવિધ પશુ, પંખી અને પ્રાણીઓ જોવા મળે છે.

**ધોરણ-૪ -૫**

સરદાર વલ્લભભાઈ પટેલ બેરિસ્ટરના અભ્યાસ માટે વિલાયત ગયા. ત્યાં પૂરી લગનથી અભ્યાસમાં લાગી ગયા. બીજા ભારતીય યુવાનો ત્યાં જઈ મોજ શોખમાં પડી જતાં અને પોતાના દેશ તથા ધર્મના સંસ્કારો ભૂલી જતાં અને આડી લતે ચડી જતાં. તેને બદલે આપણા સરદાર વલ્લભભાઈ પટેલ રોજ સત્તર કલાક અભ્યાસ કરતા. એમના નિવાસસ્થાનથી એક પુસ્તકાલય અગિયાર માઈલ દૂર હતું છતાં તેઓ રોજ ચાલીને આખો દિવસ પુસ્તકાલયમાં રહીને અભ્યાસ કરતા. સાંજ પડે ત્યારે પુસ્તકાલયનો સેવક આવીને કહેતો, ‘સાહેબ, હવે ઊઠો. બધાં ઘેર ચાલ્યા ગયા છે. પુસ્તકાલય બંધ કરવાનો સમય થઈ ગયો છે.’ ત્યારે તેઓ ઊઠતાં અને અગિયાર માઈલ ચાલીને ઘેર પાછા આવતા. આવી રીતે તેમણે અભ્યાસમાં સખત મહેનત કરી બેરિસ્ટરની ડિગ્રી પ્રથમ વર્ગમાં પાસ કરી.

**<u>ધોરણ-૬-૭-૮</u>**

એક વખત એક જિજ્ઞાસુએ પત્ર લખી ગાંધીજીને જીવન કેવી રીતે સફળ બનાવવું એમ પૂછયું, એના જવાબમાં ગાંધીજીએ પોતે જ લખ્યું :

- ઓછું બોલો, સાંભળો સૌનું, પણ સ્વીકારો તો સત્યને જ.
- જીવનની પળેપળનો હિસાબ રાખો. જે કામ માટે જે સમય નક્કી કર્યો હોય એ સમયે એ જ કામ કરો.
- સવાર-સાંજ અવશ્ય પ્રભુ પ્રાર્થના કરો.
- ધનવાન હોવા છતાં ધનનું અભિમાન ન કરો. પૈસે પૈસાનો હિસાબ રાખો.
- કેવળ સારાં પુસ્તકો જ વાંચો અને વિચારો.
- દરરોજ નિયમિત વ્યાયામ કરો.
- દૈનિક નોંધ લખવાની ટેવ પાડો.
- પોતાના સ્વભાવને વશમાં રાખો.

આ દરેક નિયમોમાં ગાંધીજીના જીવનના અનુભવોનો નિચોડ છે.

★ ★ ★

'આ કાગળોનું બંડલ હવે નકામું છે, બાળી નાખો'.

'પણ એમાં તો તમારાં પ્રમાણપત્રો છે....... એ બાળી નાખવાના ?'

'જીવન રાષ્ટ્રને, માભોમને ચરણે ધરી દીધા પછી એની કોઈ જરૂર રહેતી નથી. માભોમની સેવા, દેશબાંધવો પ્રત્યેનું કર્તવ્ય પ્રમાણપત્ર નહિ, પ્યાર માગે છે.'

એ બંડલમાં હતાં પ્રાથમિકથી બી.એ., બી.ટી. સુધીનાં પ્રથમ શ્રેણીનાં પ્રમાણપત્રો. સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક વહીવટી પરીક્ષામાં સર્વપ્રથમ આવ્યાનું પ્રમાણપત્ર પણ હતું, પણ એ યુવકે પોતાનો ભાવિ માર્ગ નક્કી કરી લીધો હતો. પ્રમાણપત્રોની એને જરૂર નહોતી રહી. મિત્ર વસંત અણ્ણા વૈદ્યને એણે બધાં પ્રમાણપત્રો બાળી નાખવાનું કહ્યું. વસંત ખચકાટ અનુભવતો હતો એટલે ખુદ એ યુવકે જ એને દીવાસળી ચાંપી દીધી.

આ હતા પંડિત ભગવતીપ્રસાદ ઉપાધ્યાયના સૌથી મોટા અને લાડલા પુત્ર પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી. ૧૧ ફેબ્રુઆરી, ૧૯૬૮ તેમના જીવનનો અંતિમ દિવસ. આજે એમની પુણ્યતિથિએ તેમને આદર પૂર્વક શ્રધ્ધાંજલિ આપીએ.